**તા.૧૧.૦૭.૨૦૨૬**

## લોકરક્ષક કેડર (2025-26) લેખિત પરીક્ષાના ગુણ જાહેર કરવા બાબત

## જાહેરાત ક્રમાંકઃ GPRB/202526/1

(1) તા.૧૪.૦૬.૨૦૨૬ના રોજ લેવામાં આવેલ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાની Final Answer Key તા.૦૮.૦૭.૨૦૨૬ નારોજ જાહેર કરવામાં આવેલ.

(2) તા.૧૪.૦૬.૨૦૨૬ નારોજ લેવામાં આવેલ લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારે પોતાના ગુણ જોવા માટે અહીં કલીક કરો....

**(3)** લોકરક્ષક કેડર તા.૦૭.૦૨.૨૦૨૪ના પરીક્ષા નિયમોમાં Exam Rules 2024, Rule No.(20) મુજબ લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારોને ગુણ ચકાસણી (રીચેકીંગ) માટે ૧૫ (પંદર) દિવસની સમય-મર્યાદા આપેલ છે. જે ઉમેદવારો પોતાના લેખિત પરીક્ષાની OMR Sheet નું રીચેકીંગ કરાવવા ઇચ્છતા હોય તે ઉમેદવારોએ (૧) રીચેકીંગ ફી ના **રૂ. ૫૦૦/- “CHAIRMAN, GUJARAT POLICE RECRUITMENT BOARD” ના નામનો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડીમાન્ડ ડ્રાફ્ટ Payable at GANDHINAGAR** (૨) કોલલેટરની ઝેરોક્ષ નકલ (૩) અરજી (જેમાં ઉમેદવારે પોતાનું નામ, કન્ફર્મેશન નંબર, રોલ નંબર, પ્રશ્ન પુસ્તીકા કોડ અને મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવાનું રહેશે) સાથે **તા. ૨૬.૦૭.૨૦૨૬ સુધીમાં રૂબરૂમાં અથવા સ્પીડ પોસ્ટ/કુરીયર ધ્વારા ગુજરાત પોલીસ ભરતી બોર્ડની કચેરી, બંગલા નંબરઃ ગ-૧૨, સરિતા ઉદ્યાનની નજીક, સેકટર-૯, ગાંધીનગર -૩૮૨૦૦૭ સરનામે અરજી મોકલી શકાશે. અધુરી માહિતી કે ખોટી માહિતી વિગેરે વાળા ડીમાન્ડ ડ્રાફટવાળી અરજી ધ્યાને લેવામાં આવશે નહી.**

**(4) ઉપરોક્ત સિવાય અન્ય રીતે મળેલ અરજી કે તા.૨૬.૦૭.૨૦૨૬ બાદ મળેલ અરજીઓ ધ્યાને લેવાશે નહીં.**

**ખાસ નોંધઃ**

(1) લેખિત પરીક્ષા દરમ્યાન દરેક વર્ગખંડમાં ઉપયોગ કરવામાં આવેલ CCTV કેમેરા રેકોર્ડીંગની ચકાસણીની કાર્યવાહી હાલમાં ચાલી રહેલ છે. જો કોઇ ગેરરીતી માલુમ પડશે તો સબંધિત ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે જે તમામને બંધનકર્તા રહેશે.

(2) તદ્ઉપરાંત સમગ્ર ભરતી પ્રક્રિયામાં કોઇપણ ઉમેદવારે, કોઇપણ તબકકે ગેરરીતી આચરેલ હોવાનું ધ્યાને આવશે અથવા પરીક્ષાના નિયમ વિરૂધ્ધ કોઇ કાર્યવાહી કરેલ હશે તો તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(3) સરકારશ્રી / નામદાર કોર્ટ તરફથી વખતો વખત જે ચૂકાદો/ નિર્ણય આવશે તે તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.